જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૦/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૮૭૩/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી ૧૭ લીટર દેશી દારૂ અને ૨૦ ક્વૉટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૮૭૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણ :-    સમાચાર યાદી નં.૧૮૭૫/૧૬

**વાડજઃ** માલાજીભાઈ કિશનજી વણઝારા (મારવાડી) (રહે. જવાહરનગરના કાચા છાપરા જુની ધોળકા રેલ્વે લાઈન શ્રીનાથ એએમટીએસ બસ ડેપોની બાજુમાં નવાવાડજ) એ તા.૧૩/૧૦/૧૬ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૧૦/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી પુષ્પાબહેન (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જી. રાઠોડ ચલાવે છે. શકદાર તરીકે (૧) વિષ્ણુભાઈ રામજીભાઈ  ઠાકોર (રહે. જવાહરનગરના છાપરા નવાવડજ) (૨) લાલજી જવાનજી  ઠાકોર (રહે.મહેસાણા) ને દર્શાવેલ છે.

**નિકોલ** : અનીતાબહેન ગણપતભાઇ પુરબીયા(ઉ.વ.૧૫)(રહે, ડો.બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના, મનમોહન ચાર રસ્તા પાસે, નિકોલ) ને તા.૮/૧૦/૧૬ ના કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે નિકોલ સ્કાય વ્યુ રેસીડેંસી, બાપા સીતારામ સોસાયટી, ઉમા સ્કુલની પાછળથી ઘર નજીક રહેતો આરોપી દિલીપ મહેરાભાઇ કબીરા લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ અનીતાબહેનનાં પિતા ગણપતભાઇ પુરબીયાએ તા.૧૩/૧૦/૧૬ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.બી.ગામીત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

છેતરપીંડીની ફરીયાદ :- **સમાચાર યાદી નં.૧૮૭૬/૧૬**

નવરંગપુરાઃ વત્સલા સધીસેન નાયર (રહે. ધરનેદ્રનગર સોસાયટી આદિસર કેનાલની પાસે નિકોલ રોડ નરોડા) એ તા.૧૩/૧૦/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૩/૨૦૦૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા આશ્રમ રોડ ખાતે આવેલ ચીનુભાઇ ટાવરના ઓફિસ નંબર- ૬૯ ની પાસપોર્ટ તથા વિઝાની ઓફિસ ખાતે આરોપી શશીધરન કટીરી (રહે. ગુરૂકૃપા એપાર્ટમેન્ટ પેલેસ ગુટાહલી બેંગ્લોર) એ વત્સલા નાયર ઉપર ફોન કરી મલયાલી એસોસીયેશન ગ્રુમમાં પાસપોર્ટ તથા વિઝા બાબતેની વાત કરેલ જેમાં ઓસ્ટ્રેલીયામાં ૨૫૦ હોટલ મેનેજમેન્ટમાં વેકેન્સી હોય જેથી વત્સલા નાયરે તેઓ પાસેના ૪૦ વિદ્યાર્થિઓ પૈકી એક વિદ્યાર્થિ પાસેથી રૂપિયા ૪૦,૦૦૦/- લેખે કુલ રૂપિયા ૧૬,૦૦,૦૦૦/- અને હોટલ તાજના બુકીંગના રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૬,૧૦,૦૦૦/- મેળવી વત્સલા સાથે વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૭/૧૬**

ચાંદખેડાઃ મુમણભાઈ પોપટભાઈ ભરવાડ (ઉ.વ.૪૦) (રહે.ભરવાડવાસ ગામ-વાઘરોડા ગામ તાલુકો કડી જીલ્લો મહેસાણા) એ તા.૧૩/૧૦/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૯/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા ન્યુ.સી.જી રોડ ત્રિશલા કોમ્પલેક્ષ આદર્શ સ્વીટ એન્ડ ફાસ્ટફુડની દુકાન આગળના પાર્કિંગમાં મુમણભાઈના મિત્રની વેગનઆર કાર પાર્ક કરી હતી. જે કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૫,૫૦,૦૦૦/- તેમજ જરૂરી કાગળોની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન એસ દેસાઈ ચલાવે છે.

**સોનાનું "ઓમ" તોડી લઇ ગયો :-** **સમાચાર યાદી નં.૧૮૭૮/૧૬**

**ઓઢવ** : રાધાબેન શંભુભાઇ પટેલ (રહે.અમરનગર, મહાકાળીનગર પાસે, રાજેન્દ્રપાર્ક રોડ, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૦/૧૬ સાંજનાં ૭/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રાધાબેનના પુત્ર રોનક (ઉ.વ.૩) નાં ગળામાં કાળા દોરામાં પહેરાવેલ સોનાનું "ઓમ" લખેલ પેંડલ કિંમત રૂપિયા ૧૫૦૦/- અજાણી વ્યક્તિ તોડી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૯/૧૬**

વટવા : જીતેન્દ્રભાઈ ભગવાનદાસ પ્રજાપતિ (ઉ.વ.૫૩)(રહે, રાજ મંદિર સોસાયટી, સમ્રાટ નગરની પાછળ, ઇસનપુર વટવા રોડ, વટવા) એ તા.૧૨/૧૦/૧૬ નાં કલાક ૧૦/૩૦ થી તા.૧૩/૧૦/૧૬ ના કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર નજીક પોતાની બોલેરો ગાડી નંબર જી.જે.૨૭.કે.૨૪૬૧ કિંમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ જીતેન્દ્રભાઇ પ્રજાપતિએ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.હૂમમર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૮૦/૧૬</u>**

રિવરફ્રન્ટ વેસ્ટઃ વૈશાલીબેન ડો/ઓ કરશનભાઈ ચૌહાણ (ઉ.વ.૨૧) (રહે. શેરી નંબર-૩ સુખીપુરાના છાપરા, સુખસાગર ફ્લેટ, આંબાવાડી) એ તા.૧૩/૧૦/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે કોઈ કારણસર આંબેડકરબ્રીજ ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.ગોહીલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)